# જિલ્લામાં બિમારીનો વરસાદ વાઈરલનો અજગરી ભરડો

## બાળકોમાં બિમારીનો સકંજો કસાયો

બાયડ, તા. ૧૫

વરસાદના આરંભ સાથે જાણે કે બિમારીનો વરસાદ વરસ્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી વાઈરલ બિમારીઓનો અજગરી ભરડો ફેલાયો છે. ખાસ કરીને બાળકોમાં બિમારીનું વધુ પ્રમાણ જોવા મળ્યું છે.

ચોમાસાની સિઝનમાં મચ્છર તેમજ પાણીજન્ય રોગચાળો અંકુશમાં લેવાના આયોજનો વરસાદમાં તણાઈ જતાં હોય છે. તેમાંય ભાદરવા મહીનામાં તો ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળવા સ્વાભાવિક છે. જિલ્લામાં અગાઉ વરસાદ ખેંચાયો હતો અને અસહ્ય ઉકળાટની અસર જન આરોગ્ય ઉપર દેખાઈ હતી, ત્યારબાદ ધોધમાર વરસાદમાં વાઈરલ બિમારીઓ બેકાબુ બની છે. મેલેરીયા, ડેન્ગ્યુ, તાવ અને શરદી ઉધરસની ઝપેટમાં પ્રજા આવી ગઈ છે.

જિલ્લામાં મોટેરાં તો ઠીક પણ બાળકોમાં ઋતુજન્ય બિમારી હાવી થઈ જતાં હોસ્પિટલો ઉભરાય છે. આરોગ્ય વિભાગ રોગચાળો કાબુમાં હોવાના ભલે દાવા કરતું હોય પરંતુ ગામડાઓમાં તો ઘેર ઘેર બિમારીના ડેરા-તંબુ લાગ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો તાવની સાથે શંકાસ્પદ ચિકનગુનીયાના લક્ષણો જોવા મળી રહ્યા છે. વર્તમાન સમયમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે પણ સામે વાઈરલ બિમારીઓએ માંથુ ઉંચક્યુ છે. ગ્રામ્ય વિસ્તારોમાં તો સરકારી અને ખાનગી દવાખાનામાં દર્દીઓની સંખ્યા સસત વધી રહી છે.

# લ્યો બોલો : ઉત્તર ગુજરાતમાં કંડક્ટરની નોકરી માટે કોર્ષથી ૭૫ ટકા ઉમેદવારો અજાણ

## નોકરીવાંચ્છુ પાસે ફર્સ્ટ એડ્સ કોર્ષની માહિતી નથી

બાયડ, તા. ૧૫

એસ.ટી. બસમાં કંડકટરની પોસ્ટ મહત્વની ગણવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં કંડકટરની નોકરી ઈચ્છતા ઉમેદવારો નોકરી માટે મહત્વના ફર્સ્ટ એડ્સ કોર્ષથી અજાણ બની રહ્યા છે. પાંચ જિલ્લાના ૭૫ ટકા ઉમેદવારો પાસે બેઝની માહિતી ન હોવાથી નોકરીથી વંચિત રહી જાય છે.

જાણવા મળ્યા મુજબ એસ.ટી. બસમાં કંડકટરની નોકરી માટે બેઝની જરૂર પડે છે. બેઝ માટે ૭ થી ૮ દિવસનો કોર્ષ કરવાનો હોય છે. જેમાં તાલીમ બાદ પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષા બાદ દિલ્હી ખાતેથી આ કોર્ષનું પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. પરંતુ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને બનાસકાંઠાના નોકરીવાંચ્છુઓ પાસે બેઝની માહિતીનો અભાવ છે. દિલ્હીના પ્રમાણપત્રના આધારે જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં આ પ્રમાણપત્ર રજુ કરવાની સાથે ત્યાંથી કંડકટર માટેનો બેઝ આપવામાં આવતો હોય છે અને એના આધારે એસ.ટી.માં કંડકટરની નોકરી મળતી હોય છે. આ ફર્સ્ટ એડ્સની માન્યતા રેડકોર્ષને આપવામાં આવી છે. જે દરેક જિલ્લા મથકે કાર્યરત છે. પરંતુ આટલે મોટી ખોટ છે કે તંત્ર દ્વારા કે સરકાર દ્વારા આ અંગેની સચોટ માહિતી ઉમેદવારો સુધી પહોંચતી નથી જેથી ઉમેદવારો માહિતીથી અજાણ રહી ફોર્મ ભરે અને પરીક્ષા તો આપે છે પરંતુ તેમની પાસે કંડકટર માટેનો બેઝ ન હોવાથી નોકરીથી વંચિત રહી જાય છે. તાજેતરમાં અસંખ્ય ઉમેદવારોએ કંડકટર બનવા ભરતીમાં ઝંપલાવ્યુ મોટા ભાગના નોકરીવાંચ્છુઓ પાસે ફર્સ્ટ એડ્સનો બેઝ ન હોવાની વિગતો બહાર આવી છે. મોટા ભાગના ઉમેદવારો નોકરીથી વંચિત રહે તેવું લાગી રહ્યું છે.

# વિસર્જન સમયે વરસાદનો અભિષેક

## બાયડમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ વિસર્જન, અનેક પરિવારોએ ઘર આગળ વિસર્જન કર્યુ : પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવાનો પ્રયાસ

બાયડ, તા. ૧૫

જિલ્લામાં ગણપતિ મૂર્તિ વિસર્જનની શરૂઆત થઈ ચુકી છે. બાયડમાં અનેક પરિવારોએ પોતાના ઘરે ઈકો ફ્રેન્ડલી માટીની ગણેશની મૂર્તિનું સ્થાપન કર્યા પછી પાંચમા દિવસે આસ્થા-ઉમંગ સાથે મૂર્તિ વિસર્જન ઘરના આંગણામાં કરતા પરિવારના સભ્યો ભાવુક થયા હતા.



બાયડમાં ૩૦૦ થી વધુ પરિવારોએ કોરોના સંક્રમણના લીધે ઘરે મૂર્તિ સ્થાપન કર્યુ હતુ.

બાપા મોરીયા રે...મોરીયા રે...ના નાદ સાથે મંગળવારે બાયડમાં મૂર્તિ વિસર્જન કાર્યક્રમ યોજાયો હતો. મૂર્તિ વિસર્જન સમયે વરસાદ વરસે તેવી ગણેશ ભક્તોની ઈચ્છા કુદરતે પૂરી કરી હતી. બપોરે ૩ કલાક આસપાસ બાયડમાં ઝરમરીયો વરસાદ વરસતો રહ્યો અને ઘરના આંગણામાં મૂર્તિ વિસર્જનના કાર્યક્રમ સમયે જ વરસાદનો અભિષેક થતાં અનેક પરીવારો મલકાયા હતા. માટીની મૂર્તિથી પર્યાવરણને આડ અસર ન થાય તે હેતુથી મોટા ભાગના પરિવારોએ ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરી વિસર્જન કર્યુ હતુ.

# જિલ્લામાં ઉપરવાસમાં ઓછા વરસાદથી જળાશયોની સપાટીમાં સામાન્ય સુધારો

### જળાશયોની સપાટી

| જળાશય | સપાટી | ટકાવારી |
|---|---|---|
| વાત્રક | ૧૩૦.૬૦ | ૩૪.૭૦૦ ટકા |
| ગુહાઈ | ૧૬૫.૨૮ | ૧૩.૨૧૦ ટકા |
| માઝુમ | ૧૫૪.૫૩ | ૫૦.૪૯૦ ટકા |
| હાથમતી | ૧૭૭.૮૫ | ૩૮.૭૯૦ ટકા |
| લાંક | ૧૦૪.૪૫ | ૦.૪૮૦ ટકા |
| જવાનપુરા | ૯૧.૦૦ | ૧૦૦ ટકા |
| હરણાવ | ૩૨૬.૫૬ | ૪૮.૫૨૦ ટકા |
| મેશ્વો | ૨૧૦.૩૯ | ૫૬.૪૧૦ ટકા |
| વૈડી | ૧૯૫.૭૯ | ૪૩.૪૦૦ ટકા |
| ખેડવા | ૨૫૭.૮૫ | ૭૨.૨૫૦ ટકા |
| વરાંસી | ૭૯.૨૦ | ૩૬.૮૦૦ ટકા |
| ગોરઠીયા | ૧૦૯.૦૫ | ૬૭.૩૫૦ ટકા |

## રાજસ્થાનમાં વરસાદ વરસે તો જ સપાટી ઉંચકાશે

બાયડ, તા. ૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વરસાદે ખેતીને બચાવી લીધી છે. પરંતુ જળાશયોની પાણીની સ્થિતિમાં ઝાઝો વધારો થઈ શક્યો નથી. તાજેતરમાં વરસેલા વરસાદમાં ૧૨ જળાશયોમાં પાણીની ટકાવારી સામાન્ય સુધરી છે જેથી ઉપરવાસના રાજસ્થાનમાં વધુ વરસાદ વરસે તો જ જિલ્લાના જળાશયોની તરસ છીપાય તેમ છે.

ચોમાસાએ ઘણા લાંબા સમય સુધી ધોધમાર વરસાદથી જિલ્લાને બાકાત રાખ્યો હતો. ખરીફ વાવેતર નિષ્ફળ જવાની તૈયારીમાં હતુ પરંતુ ભાદરવા માસમાં હવે વરસાદે હાજરી નોંધાવતા ખેતીનું ચિત્ર સુધારા પર આવ્યુ છે. નદી, તળાવ અને ચેકડેમ છલકાયા પરંતુ ઉપરવાસમાં વરસાદની ઘટ યથાવત રહી જેના કારણે જિલ્લાના જળાશયોમાં પાણીની સપાટીમાં આચમનરૂપ વધારો થયો છે. રાજસ્થાનમાં ધોધમાર વરસાદ વરસે તો જ જળાશયોમાં ધોધમાર પાણીની આવક થવાથી સપાટીમાં સંતોષકારક વધારો થાય તેમ છે. જિલ્લામાં જીવાદોરી વાત્રક, ગુહાઈ, માજુમ, હાથમતી, મેશ્વો, હરણાવ સહિતના મહત્વના જળાશયોમાં ભાદરવાના વરસાદથી પાણીની આંશિક આવક નોંધાઈ છે.

# જિલ્લામાં વરસાદથી માર્ગો હાડકાં ખોખરાં કરનારા બન્યા

બાયડ, તા. ૧૫

સાબરકાંઠા-અરવલ્લીમાં સતત વરસાદથી ડામર રોડના નબળા કામની પોલ ખુલી રહી છે. ઠેર ઠેર ગાબડાં પડતાં અનેક વિસ્તારોમાં આવા માર્ગો હાડકાં ખોખરા કરનારા માર્ગ તરીકે ઓળખ મેળવી છે. દરરોજ ૨ ડઝનથી વધુ નાના વાહન ચાલકો ખાડામાં ગોઠીમડાં ખાઈ ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે.

વહીવટીતંત્ર વિભાગ અને કોન્ટ્રાક્ટરોનો ભ્રષ્ટાચાર ચોમાસા દરમ્યાન સ્પષ્ટ જોવા મળે છે. જિલ્લામાં ડામર રોડના કામમાં અનહદ ભ્રષ્ટાચારની ફરીયાદ પછી તપાસમાં પણ ભ્રષ્ટ ટોળકી સામેલ થાય એટલે ખોટુ થયાનું બહાર આવતુ નથી. પરંતુ વર્ષના ૧૨ મહીનામાં ૪ મહીના ચોમાસા દરમ્યાન સારો વરસાદ વરસે એટલે નબળા કામની પોલ ખુલી જાય છે. જિલ્લામાં આર.એન્ડ.બી. જિલ્લા પંચાયત હસ્તકના કામોમાં છેલ્લા ૬ મહીના દરમ્યાન જે પણ કામ થયા તેમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યા પછી કેટલીક એજન્સીઓને તંત્રએ માત્ર ફટકાર આપી રોડ સમારકામ કરવાની ચિમકી આપી પરંતુ કરોડોના ખર્ચે બનેલ ડામર રોડમાં નબળી ગુણવત્તાના કારણે આવનારા દિવસોમાં સ્થાનિક ગામડાની પ્રજાને ભોગવવાનું છે તેનું શું !!

# અરવલ્લી જીલ્લામાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ હેઠળ ૧૧ કેસોમાં ઈસમોને ૩.૩૭ લાખનો દંડ કરાયો

અરવલ્લી જીલ્લામાં જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ ની કલમ ૬૮ હેઠળ જીલ્લાના ૧૧ કેસોમાં ખરાબ ગુણવત્તાવાળા અને ધારા ધોરણો સિવાયના ખાદ્ય સામગ્રી વેચતા ૩૮ ઈસમો સામે દંડાત્મક કાર્યવાહી કરીને રૂ.૩,૩૭,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. જીલ્લાના શ્રી ભૈરવનાથ નમકીન વેચતા દુકાનદારોને ૨,૦૦૦, વિમલ કપાસીયા તેલ વેચતા દુકાનદારોને ૯૦,૦૦૦, GAIL GOKUL DOUBLE FILTERED GROUND OIL વેચતા ૪ દુકાનદારોને ૧૪,૦૦૦, ગોળ (લુઝ) વેચતા દુકાનદારને ૧૦,૦૦૦, NAHTA SSARAS REFINED IODISED FREE FLOW SALT વેચતા દુકાનદારોને ૩૦,૦૦૦, દેશી ગોળ વેચતા દુકાનદારોને ૪૦,૦૦૦, શ્રી ગજાનંદ ટ્રેડીંગના ગોળ વેચતા દુકાનદારોને ૧૪,૦૦૦, MAP REFINED COTTONSEED OIL વેચતા દુકાનદારોને ૩૮,૦૦૦, વાસ્તુ એગમાર્ક ગાયનું ઘી વેચતા દુકાનદારોને ૪૨,૦૦૦ ચિલ્લી પાઉડર વેચતા દુકાનદારોને ૨૪,૦૦૦ તથા મે.સિમુન બેક એન્ડ કેક વેચતા દુકાનદારને ૩૩,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો.

## જિલ્લાની દરેક ગ્રામ પંચાયતોમાં થશે આર.ટી.ઓ.ની કામગીરી : ૨જી ઓક્ટોબરથી સેવા શરૂ કરાશે

બાયડ, તા. ૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની દરેક ગ્રામપંચાયતોમાં આર.ટી.ઓ.ની કામગીરી શરૂ થવા જઈ રહી છે. તા. ૨ ઓક્ટોબરથી ગ્રામ પંચાયતોમાં આર.ટી.ઓ.ની ડીજીટાઈઝ સેવા શરૂ કરવાની સુચના આપવામાં આવી છે. રાજયના વાહન વ્યવહાર કમિશનર કચેરી દ્વારા જિલ્લા સહાયક કચેરીને આ સેવા ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ સેન્ટરથી શરૂ કરવા માટે જણાવી દેવાયુ છે.

રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અરજદારો માટે સરકારની રોજબરોજની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમાં હવે વધુ એક સેવાનો ઉમેરો કરવામાં આવશે. તા. ૨ ઓક્ટોબરથી રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લીની દરેક ગ્રામ પંચાયતોમાં આર.ટી.ઓ.ને લગતી ઓનલાઈન કામગીરી શરૂ કરવામાં આવશે.

## અરવલ્લીમાં વિકાસની પોલ ખોલતો

# મહિયાપુરથી ધામણીયાનો રસ્તો કાદવ-કીચડ અને કાચા રસ્તે નિકળ્યા તો પટકાયા સમજો

બાયડ, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ગામડાંના સર્વાંગી વિકાસની વાતોના બણગાં ફુંકવામાં આવી રહ્યાં છે. ત્યારે માલપુર તાલુકાના મહિયાપુર-ધામણીયાને જોડતો રસ્તો ચોમાસામાં અત્યંત જોખમી બન્યો છે. રસ્તા ઉપર વરસાદી પાણીનો ભરાવો અને કાદવકીચડમાંથી પસાર થવું લોઢાના ચણા ચાવવા જેવુ છે. કાચા રસ્તા ઉપરથી પસાર થવામાં રાહદારી અને વાહનચાલકો કીચડમાં પટકાઈ રહ્યા હોવાથી વિકાસનો વરસાદમાં પરપોટો ફુટ્યો છે. રસ્તો અત્યંત જોખમી બનતાં પસાર થતાં રાહદારી અને બાઈકસવારોને સાચવજો ભઈ... તેમ કહેવું પડે તેમ છે.

આઝાદીના દાયકાઓ પછી પણ અંતરિયાળ ગામો પાકા સુવિધાજનક રસ્તાથી વંચિત રહ્યા છે. જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા નેતાઓ ટુંકા રસ્તાની સુવિધા આપવામાં નિષ્ફળ નિવડ્યા છે. માલપુર તાલુકામાં તેનો ઉત્તમ નમુનો જોવા મળી રહ્યો છે. જેમાં મહિયાપુરથી ધામણીયા જતા રોડનું કોઈ રણીધણી ન હોય તેવી સ્થિતિ છે. કાચા રસ્તા ઉપર વરસાદી પાણીનો ભરાવો અને કીચડનો ભરાવો થતાં રસ્તે નિકળવું પણ પડકારજનક બની ગયું છે.





બાઈકસવારો તેમજ માથે વજન લઈ જતાં રાહદારીઓ કીચડમાં ફસાઈ પટકાઈ જવાના રોજના બનાવ બની રહ્યા છે. બિમાર દર્દીને દવાખાને લઈ જવામાં પણ મુશ્કેલી ઉભી થઈ છે. રસ્તાની સુધારણા માટે જિલ્લા અને તાલુકામાં થયેલ રજુઆત પ્રત્યે કોઈ સાંભળતું ન હોવાથી ટુકો રસ્તો હાલ તો આજા...પટકાજા જેવો બન્યો છે.

# હિંમતનગર-શામળાજી હાઈવે પર ટ્રાફિક જામ માથાનો દુ:ખાવો બન્યો

## ગોકળગાયની ગતિએ ચાલતા કામ સામે રોષ

બાયડ, તા. ૧૫

હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે પર રોજ ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો પરેશાન બન્યા છે. ગોકળગાયની ગતિએ સીક્સલેનનું કામ ચાલી રહ્યું છે અને તેમાંય વરસાદ બાદ હાઈવે પર ઠેર ઠેર ગાબડાં પડતાં વાહનો રસ્તામાં ખોટકાઈ જતાં હાઈવે સંલગ્ન ગામોની પ્રજા અને વેપારીઓ પરેશાન બની ગયા છે.

ફોરલેન હાઈવેને સિક્સલેનમાં ફેરવવા માટે મોટા ઉપાડે કામ શરૂ કરવામાં આવ્યા પછી હિંમતનગર-શામળાજી હાઈવે ઉપાધિનો હાઈવે બની ગયો છે, હાઈવે પર ધીમી ગતિના કામથી માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. વરસાદ બાદ ઠેર ઠેર ભયજનક ગાબડાં પડવાં વાહનો ખોટકાઈ જવાના રોજના બનાવોના કારણે



ટ્રાફિકજામની સમસ્યા માથાના દુખાવારૂપ બની જતાં યાત્રાધામ શામળાજી, ઉદેપુર અને નાથદ્વારા જતાં વાહનચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. તેમાંય હમણાંથી ગાંભોઈ નજીક ખાડામાં મોટાં વાહનો ફસાઈ જતા વાહનોની ૨ કિ.મી. દૂર કતારો લાગી રહી છે. હાઈવે ઓથોરીટી દ્વારા હાઈવે પર યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નથી જેથી હાઈવે સંલગ્ન ગામના પ્રજાજનો ટ્રાફિક જામથી પરેશાન થઈ આંદોલનનો માર્ગ અપનાવવાના મૂડમાં છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ભારે વરસાદની ચેતવણી

## ધોધમાર વરસાદ વરસે પણ સૌરાષ્ટ્રની જેમ તારાજીનો વરસાદ ન વરસે તે માટે પ્રાર્થના

બાયડ, તા. ૧૫

સાબરકાંઠા-અરવલ્લીમાં ભારે વરસાદની આગાહીના પગલે તંત્ર એલર્ટ મોડમાં આવી ગયુ છે. ધોધમાર વરસાદ વરસે ખાલીખમ જળાશય-તળાવ છલકાય તેવો વરસાદ પ્રજા ઈચ્છે છે પરંતુ સૌરાષ્ટ્રમાં તારાજી સર્જી તેવો વરસાદ ન વરસે તેવી પ્રાર્થના થઈ રહી છે.

નબળા ચોમાસાની સંભાવના વચ્ચે રાજ્યના અનેક જિલ્લા-તાલુકામાં અનરાધાર વરસાદ પછી સરકાર વહીવટીતંત્ર રાહત અનુભવે છે. સારૂ ચોમાસુ રાજ્યની આર્થિક સમૃદ્ધિ, સારા પાક ઉત્પાદન માટે જરૂરી છે પરંતુ ઓગષ્ટના અંત સુધી વરસાદી વધતી ઘટથી ચિંતાના વાદળ ઘેરાયા પરંતુ ભાદરવાએ તંત્રના ટેન્સનનો ભાર ઓછો કરતાં સૌરાષ્ટ્ર સહીત અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો જેથી સૌરાષ્ટ્રનું પાણી સંકટ હળવુ થયુ પરંતુ સાબરકાંઠા અરવલ્લીના જળાશયોમાં માત્ર ૩૨ ટકા પાણીનો જથ્થો હોવાથી ચિંતા વ્યાજબી છે. આગામી ૫ દિવસ બન્ને જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જેથી ૫ દિવસમાં સરેરાશ ૭ થી ૧૨ ઈંચ વરસાદ વરસે તો જિલ્લાનું જળસંકટ ગણુ બધુ હળવુ થઈ શકે છે.

જિલ્લાના વાત્રક, માજુમ, મેશ્વો, હરણાવ ડેમ ક્યારે છલકાય તેની ખેડૂતો ચાતક નજરે રાહ જોઈ બેઠા છે. છેલ્લા ૨ દિવસથી બફારા-ઉકળાટનું પ્રમાણ વધતા જિલ્લામાં મેઘરાજાના તોફાની રાઉન્ડની શકયતા વધુ છે.